## સલામી સવારની..




'મંદિર' જેમ 'અનામત' પણ મુદ્દો થઈ ગયો છે,
ચૂંટણીમાં નાક દબાવવાનો ફંદો થઈ ગયો છે,
ખંધો થઈ ગયો છે વ્યવહાર 'ટિકીટ' પડાવવાનો -
સળગતી રાખવી સમસ્યા એ ધંધો થઈ ગયો છે...
(લાપસી નું આંધણ)

હાઈકુ

નાખે પથ્થરા,
શાંત સરોવરમાં -
સંઘ સેવકો...
(રાષ્ટ્રગીત-ધ્વજ-વિવાદ)

તર્કટ પંચ,
તપાસ ના નાટકે
પાડે પડદો...
(પઠાનકોટ પંચ)

### ચિંતન

**ઋણશેષાં શ્વાગ્નિશેષઃ શત્રુશેષ સ્તથૈવ ચ ।**
**પુનઃ પુનઃ પ્રવર્ધન્તે તસ્માચ્છેષં ન કાચ્યેત ॥**

બાકી રહેલું દેવું- કોઈ ઉધાર ચૂકવવાની બાકી રાખવી નહીં. કારણ કે શરાફ-વેપારી વૃત્તિના માણસ બોલ્યા વિના-માગ્યા વિના એના પર વ્યાજ વધારવતા જાય છે અને દેવાંનો ડુંગર થાય છે.

અગ્નિનો કોઈ તણખો, ચાહે અગરબત્તીથી હોય કે દિવાસળી તો હોય એ જયાં પણ ઊડીને પડે તેના નાશ કરવો જોઈએ. એ છૂપો અગ્નિ કયારે 'ભડકો' થાય કંઈ કહેવાય નહીં.

દુશ્મન-શત્રુ-વેરી ખરાબ સમય જાણીને નાશી જાય કે વશ થવાતું નાટક કરે તેનો વિશ્વાસ કરી ભોળવાઈ જવું નહીં. દુશ્મનાવટ-વેરનો અગ્નિ ફરી કયારે ભભૂકી ઉઠે એ કંઈ કહેવાય નહીં.

### સુવિચાર

- આપણે રોજ રોજની ઉંમરથી વૃદ્ધ થઈ રહ્યા છે, પરંતુ મન ને યુવાન, તાજગીભર્યુ અને નિર્દોષ રાખવું સાચે જ શક્ય છે - **જીવનસૂત્ર**
- તમારું શરીર અને તમારું મન સ્વસ્થ રાખવાની સૌથી પહેલી ફરજ તમારી પોતાની જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્મવિશ્વાસ એટલે પોતાના જાતમાં વિશ્વાસ અને પોતાની જાતમાં વિશ્વાસ એટલે પોતાની નિષ્ઠામાં, પોતાનાં પ્રયાસમાં અને પોતાના ભવિષ્યમાં વિશ્વાસ - **કાજલ ઓઝા વૈદ્ય**
- માન્યતા એટલે સત્યનો ઈન્કાર - **ઝેન કથન**
- આપણે જે ક્રિયા કરવાનું જાણીએ છીએ તે ખરાં અર્થમાં તો પ્રતિક્રિયા હોય છે - **રજનીશ**
- જયાં સુધી મન શીખતું નહીં રહે, ત્યાં સુધી માર્ગ માટેની તૈયારી થતી નથી - **ટી.એસ. ઈલીયટ**
- આજનું ઔષધ : મરી પાઉડર, ઘી તથા સાકર સરખે ભાવે લેવાથી ચક્કર આવતા બંધ થાય છે.

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના સાધુ-સંતો પણ કરોડો અને અબજોના ખેલ ખેલે છે. પાંચ-દસ કરોડનો દંડ ભરે બોલો! કારખાના-ફેકટરી-યુનિવર્સિટી - ચલાવે છતાંય ત્યાગી અને શ્રીશ્રી સંત!

કબીર સાહેબ વણકરનું કામ કરતા અને એમાંથી ગુજરાન ચલાવતા - કામ કરતાં દિવ્ય ઉપદેશના દોહાની રચના થતી. એકવાર કાશીના રાજા તેમના વખાણ અને નિસ્પૃહ જિંદગીની વાતો સાંભળી તેમના દર્શનાર્થે અને કસોટી કરવાની વૃત્તિથી તેમના દરબારીઓ સાથે આવ્યા. અને કબીરજીના પગ પાસે એક પોટલી મૂકી - કબીર સાહેબે પૂછ્યું - શું છે આમાં?

રાજા કહે - કિંમતી હીરા છે. કબીરદાસ કહે - મારે એનો કંઈ જ ઉપયોગ નથી. આપ પાછા લઈ જાવ! રાજાએ આગ્રહ કર્યો. અંતે કબીરજી કહે - સારું પેલી અલમારી પર મૂકીદો.

રાજા મંડળી સાથે, મહિના પછી પાછા આવ્યા કહ્યું, પેલા મેં આપેલા હીરા ખોટા હતા. હવે સાચા મળી આવ્યા છે તે બદલાવી આપું, કયાં છે?

કબીરજી કહે, તમે તમારે હાથે મૂક્યા છે ત્યાં જ હશે!! રાજાએ ભોંઠપ અનુભવી - માફી માંગી...

## પનામા ટેક્સચોરો સામે સરકાર પગલાં ભરશે ખરાં !

### તંત્રીસ્થાનેથી...

ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ - ખોજી પત્રકારિતા કયારેક દેશ, દુનિયા અને સેલિબ્રિટીઝને કેવા આંચકા આપી શકે એનું એક વિશિષ્ટ ઉદાહરણ 'પનામા લીક્સ' નામે પંકાયેલ તાજેતરની ઘટના છે. માણસ પાસે પૈસે વધી જાય ત્યારે એણે શું કરવું જોઈએ? કબીરજી તો કહે છે કે નાવમાં પાણી વધી જાય તો એને વેળાસર ઉલેચી નાખવાની તજવીજ કરવી જોઈએ. એમ ન કરીએ તો નાવ પણ ડૂબે અને નાવિકને પણ ડુબાડે. અદલ એજ રીતે વધુ પડતું નાણું પણ જો ઘરમાં સંઘરી રાખીએ તો એ મુસીબતનું કારણ બની શકે : 'પાની બાઢો નાવ મેં, ઘરમેં બાઢો દામ; દોનું હાથ ઉલીચિયે યહીં સજ્જન કો કામ.' પણ એમણે તો નાણાંને ઉલેચીને એનો સદ્વ્યય કરવાનું - દાનપુણ્ય કરવાનું કહેવું. આપણા 'મહાનાયક'થી લઈ કેટલાક માલેતુજારો અને દુનિયાની નામાંકિત રાજકીય હસ્તીઓએ એમનાં અઢળક નાણાં ઉલેચ્યાં ખરાં પણ તે કોઈ સારા, સાર્વજનિક કલ્યાણકારી હેતુસર નહીં. એમણે તો પોતાના દેશના ભારે ઈન્કમટેક્સથી બચવા એ કારોબાર પનાના જેવા 'ટેક્સ હેવન'ને હવાલે કરી દીધા! આપણા મહાન દેશમાં તો આવાં 'કાળાં નાણાં'ને સફેદ કરી આપવાની યોજના પણ નાણામંત્રી અરુણ જેટલી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતી મૂકી હતી. પરંતુ આવી નામાંકિત સેલિબ્રિટીઝને પોતે કાળુ નાણું ધરાવતા હોવાની કબૂલાત કરવામાં જ ઈજ્જતના ધજાગરા ઊડતા લાગે એટલે સબસે બડી ચૂપ- ન્યાયે એવી કોઈ સ્કીમનો લાભ તેઓએ ન લીધો હોય તેમ જ માનવું રહ્યું. હવે જયારે આંતરરાષ્ટ્રીય કક્ષાના ખોજી પત્રકાર સંગઠન (આઈસીઆઈજે) ના સ્કેનરમાં અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય, ઈન્ડિયા બુલ્સ અને ડીએલએફ જેવી કંપનીઓના માલિકો અને પ્રમોટરોનાં નામ ચમક્યાં છે ત્યારે અનેક સ્તરે પોતે કશું જ ગેરકાયદે કૃત્ય નહીં કર્યું હોવાની રજૂઆત થશે, કોર્ટમાં દાદ મંગાશે, મીડિયા સમક્ષ પાસ-સાફ હોવાનાં નિવેદનો કરાશે, પણ પેલા ખોજી પત્રકારો એમને જે રામ રમકડું જડ્યુ છે, એને થોડા નકારી શકશે? પ્રશ્ન પત્રકારત્વ અને સેલિબ્રિટીઝ - ધનકુબેરો વચ્ચે અટવાતો રહેશે. સરકાર કેટલું કરશે તે શંકાનો વિષય છે. મોટા ભાગે તાબતડોબ તપાસના આદેશો અને કડક નિવેદનોના તડાકાભડાકા સિવાય સરકારો કશું જ કરતી નથી હોતી. જે 'મહાનાયક'ને માટે ઉપાડે પદ્મ વિભૂષણ જેવા ઉચ્ચતર રાષ્ટ્રીય સમ્માનથી નવાજ્યા છે, જેમણે ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડરની ભૂમિકામાં મોદીજીએ લોકનાયકની કક્ષાએ સ્થાપવામાં સિંહ ફાળો આપ્યો છે, જેમણે નહેરુ-ગાંધી પરિવાર સાથેના મીઠા સંબંધો તોડીને કે અમરસિંહનો ઉપકાર ભૂલીને ચાલુ ગાડીમાં ચડી ચવાનો કીમિયો અજમાવી ભારતીય જનતા પાર્ટીને ન્યાલ કરી દીધી છે, એમને અઢંગ કરચોર સાબિત કરી એમની વિરુદ્ધ કામ ચલાવવાનું વર્તમાન કેન્દ્ર સરકાર પસંદ કરશે ખરી? ધાવણું છોકરું પણ સમજી શકે એવી બાબત છે કે થોડા દિવસના તડાકા-ભડાકા પછી ઘીનાં ઠામમાં ઘી પડ્યું રહેશે!

## 'મામાનું ઘર કેટલે'? બાળકને મામાની જરૂર ખરી?




હવે આપણે વેકેશન (અવકાશ)મય થવા જઈ રહ્યા છીએ. મમ્મીની બૂમોથી દૂર અને પપ્પાની ધોલધપાટથી આઘા રહેવાની મોસમ એટલે બાળકોનું વેકેશન! વાર્ષિક પરીક્ષાઓ પૂરી થાય અને ઉનાળુ વેકેશન પડી જાય એટલે બાળકો,વાલીઓ, વડીલો, શિક્ષકો વિગેરેને પણ હાશકારો થઈ જાય. અને સાથે-સાથે પરીક્ષાનું અને થાક ઉતારતું વેકેશન પડે એટલે રજાનું નામ સાંભળીને દરેકનું મન પુલકીત થવા માંડે. આપણને સંબંધોની માળામાં કેટલો રસ છે? માસી અને કાકીના સરનામાં ખોવાઈ જવાની તૈયારી છે.

'ઉબુન્ટુ ઑપરેટીંગ સિસ્ટમ' નામ પાછળ છે એક સુંદર કથા. એક માનવવિજ્ઞાની પહોંચે છે આફ્રિકાના જંગલમાં. ત્યાં બધાં બાળકોને કહે છે કે તમારે સામેના વૃક્ષ પાસે પડેલી ટોકરીમાંથી મીંઠાઈ દોડીને ઝડપી લેવાની છે. સૂચના આપવામાં આવી કે જે બાળક સૌથી પહેલા પહોંચશે તેને મીંઠાઈઓ મળશે. માનવવિજ્ઞાની આશ્ચર્ય વચ્ચે ઊભો જ રહી ગયો. જ્યારે તેણે જોયું કે બધા બાળકો એક સાથે મીઠાઈ પાસે પહોંચી જાય છે. બાળકોને વિજ્ઞાનીએ પ્રશ્ન પૂછ્યો કે કેમ આવું કર્યુ ? બાળકોએ કહ્યું : 'જ્યારે બીજા બાળકો દુ:ખી હોય ત્યારે કોઈ એક બાળક કેવી રીતે ખુશ હોય'. અર્થાત્ હું છું કારણકે અમે છીએ' અર્થાત્ ઉબુન્ટુ...

આજની સ્પર્ધાત્મક જિંદગીમાં દરેક મા-બાપ નું એક જ ધ્યેય હોય છે, કે તેમનું બાળક વિશ્વનું સહુથી તેજસ્વી બાળક બને. અને આ વિચારમાં કાંઈજ ખોટું નથી, જો આ વિચારને એક પરિપક્વ માતા-પિતા તરીકે સંતાનની જિંદગી માં ઉતારતા આવડે તો કદાચ આનાથી ઉત્તમ વિચાર કોઈ હોઈ પણ ના શકે. પરંતુ મોટા ભાગનાં માતા-પિતા પોતાનાં સંતાનને એક ગુલાબના છોડના રોપાં તરીકે ઉછેરવાની બદલે રેસનાં ઘોડાની નજરે જુવે છે. ગુલાબ ના છોડને વાવી, તેનાં માં પાણીનું અને ખાતરનું સિંચન કરીએ, તેને ઉગવા દઈએ, તેમાં કળી ફુટવાં દઈએ પછી તેના પર ગુલાબ ઉગે અને તેની સુગંધ આપણે બધાં માણી શકીએ. પરંતુ, આજનાં જમાનામાં આટલી રાહ જોવાનો ટાઈમ ક્યાં છે? મા-બાપ પણ પોતાની નિષ્ફળતા ઓ અને નિરાશાઓનો બોજ સંતાનો પર નાખી પોતાનાં સપના ઓ જે પોતે પુરાં નથી કરી શક્યાં તે પુરાં કરવાની સંતાન પાસેથી અપેક્ષા રાખે છે, અને એક કુમળાં રોપાંને ખીલવા માટે સમય આપવાની બદલે ફુલ અને ફળની આશા ઓ નો ઓવર ડોઝ આપીને આ રોપાં માં કૂંપણો ફુટે તે પહેલાં જ તેને સૂકવી દઈએ છીએ.

આજે મા-બાપ બાળકો પાસેથી માત્ર કાગળ પરા ચિતરાતું પરિણામ માંગે છે. સંતાન ને ડૉક્ટર કે એન્જીનીયર બનતા જોવા માંગે છે. અને એ ભૂલી જાય છે કે આ બધું બનતાં પહેલાં એક સારા નાગરિક કે સારા મનુષ્ય બનવાનું વધારે જરૂરી છે. ૩ વર્ષના બાળકને જ્યારે ૩ કિલોગ્રામ વજનનો કોથળો ઉંચકી નિશાળે જતાં જોઉં ત્યારે મને ખરેખર એમ થાય કે, એક કુમળાં મગજ ઉપર કેટલો બોજ ઠામી દેવામાં આવે છે. બાળકને તેનું બાળપણ માણવાને બદલે, જે એક વ્યવસાય થઈ ગયો છે એવાં પ્લે-સ્કુલ કે પ્લે-હાઉસમાં હોમી દેવા માં આવે છે.

જુદાં જુદાં અનેક બીબાં તૈયાર રાખવામાં આવે છે અને એક સાથે આ તમામ બીબા ઓ માં સંતાન ને એક સાથે ચકાસવામાં આવે છે. એટલાં માટે નહિ કે સંતાન કયાં બીબામાં ફીટ થાય છે પરંતુ એટલાં માટે કે કયું બીબું મા-બાપને સહુથી વધારે આકર્ષક લાગે છે. આજનું બાળક એ રિમોટ કંટ્રોલથી ચાલતાં રોબોટમાં રૂપાંતરિત થઈ રહ્યુ છે જે રિમોટ કંટ્રોલની સ્વીચ આજના અપરિપક્વ મા-બાપનાં હાથમાં છે.

અત્યારે જયારે વેકેશનનો માહોલ જામી ગયો છે ત્યારે મનમા વિચાર આવે છે કે 'ક્યાં ગયા એ દિવસો !!' એક પાંજરામાં પુરાયેલ પંખી જયારે બહાર નીકળે ત્યારે એ જેટલું પ્રફુલ્લિત થતું હોય છે, તેટલો જ એક વિદ્યાર્થી શાળારૂપી પાંજરામાંથી પરીક્ષા આપી છુટ્યા બાદ અનુભવે છે. જ્યારથી પરીક્ષા ચાલુ થાય ત્યારથી વેકેશન પડવાની તારીખના દિવસોની ઊંધી ગણતરી શરૂ થઈ જાય છે.

દરેક વિદ્યાથી પોતાના માતા-પિતા સાથે વેકેશનમાં અલગ અલગ માંગણીઓ કરતા હોય છે. કોઈ ફરવા જવાની, કોઈ વિડીયોગેમની, કોઈ સાયકલની. અત્યારે પણ વેકેશનમાં માંગણીઓ તો થતી જ હોય છે, પણ તે માંગણીમાં વસ્તુઓ બદલાઈ ગઈ છે. પહેલા વિડીયોગેમ માંગતા હતા જયારે અત્યારે પ્લેસ્ટેશનની માંગણી કરતા થયા છે. વેકેશનમાં મામાના ઘરે જવાના બદલે તેનું સ્થાન આજે હિલસ્ટેશન અને પ્રવાસન સ્થળોએ લીધું છે.

અત્યારના વિદ્યાથીઓને વેકેશન માણતા જોઉં તો તરત જ મનમાં વિચાર આવે છે કે જો આ લોકો આજથી ૨૫ વર્ષ પહેલાના વેકેશનમાં હોત તો શું સ્થિતિ હોત? મને પોતાને એમ થાય છે કે મારે ભગવાનનો (અને મારા માતા-પિતાનો પણ) આભાર માનવો જોઈએ. ગજવામાં ખખડતી લખોટીઓ એ કોઈ રૂપિયાની ગરજ સારનારી હતી. એમાં પણ જેની પાસે લખોટીઓ સૌથી વધારે હોય તેનું તો તે રમતના જગતમાં મોટું નામ ગણાતું. આવી જ રીતે ગિલ્લી ડંડા પણ એટલા જ લોકપ્રિય હતા. મહત્વની વાત તો એ હતી કે આ બધી રમતો

**અનુસંધાન પાના નં. ૭ પર**

## પોતાના બચ્ચાં પ્રત્યેનો પ્રેમ અને મમતાનો આવેગ, જેનું મૂલ્યાંકન કરવામાં આવે તે શ્રેષ્ઠ કોણ?




આ ધરતી પરનાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ જ નહીં પણ સર્વશ્રેષ્ઠ માનવ છે. યુગોથી આ વાત જાણીતી અને સાંભળવામાં આવતી રહી છે. પણ આ કહેનાર કોણ છે? માનવ પોતે જ પોતાની સર્વશ્રેષ્ઠતા બતાવે છે અને સંભળાવે પણ છે. તેમાં આશ્ચર્યની વાત શું છે? એમ તો બધા જ જીવો પોતાની આપ બડાઈ હાંકી શકે છે. કહેવત છે ને 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' અથવા એમ કહીએ કે 'શેરીનો કૂતરો..' અથવા કયાંક 'શિયાળ બની બેઠું વનરાજ' એવી વાત આવે. તેમાં માનવે પ્રાણીની બુદ્ધિની પ્રશંસા કરી હોય તો તેને માન્યતા મળવી જોઈએ. એક માપદંડ વિના શ્રેષ્ઠતા નો વિચાર કઈ રીતે થઈ શકે. તો ચાલો માપદંડની શોધમાં નીકળી પડીએ. ફાગણ મહિનો પુરો થવા આવ્યો. ચૈતરનો તાપ બરાબર તપે છે. રસ્તા પરથી એકલ દોકલ વાહનો પસાર થાય છે. ફૂટપાથ પર ચાલતો એક સાઈઠ વટાવી ચૂકેલો વૃદ્ધ ચાલતાં ચાલતાં અચાનક બેભાન થઈ જાય છે. પાણી... પાણી... નો પોકાર કરતો એ મૃત્યુપથનો યાત્રી બની જાય છે. પણ શહેરમાં તેની સામે જોવાની ફૂરસદ કોને છે.

આ ઘટના એક મિત્ર પાસેથી સાંભળી હતી તે યાદ આવી ગઈ. વાંદરાઓનું એક ટોળું ઘરનાં ધાબાઓ પરથી વૃક્ષો પર આમ તેમ ભાગાભાગ કરતું હતું. કોઈ પપૈયું કે જામફળ તોડી ખાતા હતા તો કોઈ કચરાપેટી ઊંધી પાડીને ખંખેરતા હતા. કોઈ ડિશ ચેનલના વાયર પર ઝૂલવાની કોશિષ કરતા હતા. તેમાં અચાનક એક વાંદરો વીજળીના તાર પર લટકી પડ્યો. બે તાર ટકરાતાં તણખા થયા વાંદરો મરી ગયો. તેનું શરીર તારથી છૂટીને રસ્તા પર પટકાયું. પલવારમાં એક અનોખું દશ્ય લોકોએ જોયું. આજુબાજુના ઝાડ પરથી વાંદરાઓ ઊતરીને આવી રહ્યા હતા. કોઈ મૃત વાનરના શરીર પર હાથ ફેરવતું હતું તો કોઈ તેને વળગીને પ્રેમ કરતું હતું. અલગ અલગ રીતે વિલાપ કરતા સૌથી વધુ વાંદરાઓ તેને ઘેરી વળ્યા હતા. દૂર ઉભેલ માનવ ટોળું પોતાના એક સાથી પ્રત્યેના તેમના પ્રેમનું સાક્ષી બની રહ્યું હતું. કેવો હતો આ પ્રાણીઓમાં સ્વજન પ્રત્યેનો પ્રેમ. સવારથી સાંજ સુધી આમ જ આ વાનરો તેના આજુબાજુ ફરતા રહ્યા. અને ધીમે ધીમે ચૂપચાપ તેમણે ત્યારે વિદાય લીધી જયારે જોયું કે કેટલાક માનવ યુવાનો મૃત વાનરને તેની અંતિમ ક્રિયા કરવા લઈ જઈ રહ્યા છે. હવે તમે જ વિચારો કે આ ભાવાવેગનું મુલ્યાંકન કઈ રીતે કરશો? માનવના શ્રેષ્ઠત્વના વિચારમાં તમને કંઈ વજૂદ લાગે છે?

એજ રીતે હમણાં એક દૈનિક અખબારમાં લેખનું શિર્ષક હતું. 'ગરીબીને કારણે એક દંપતિએ બાળકને વેચ્યુ' વાત ખુબ કરૂણ હતી. છતાં ચ્હાની ચૂસ્કી લેતાં લેતાં વંચાયેલી આ ઘટના પ્રત્યે કેટલા લોકોની સંવેદના જાગી હશે. માતા પિતા માટે બાળક કાળજાનો કટકો હોય છે ઉપરોક્ત ઘટનાએ કોનું હૃદય ભીંજવ્યું હશે. અરે! ખુન, બળાત્કાર, અને પાશવી અત્યાચારોની અનેક ઘટનાઓ સવાર સવારમાં વાંચી તેની અવહેલના સાથે ભુલાઈ જાય છે. તેમાં માનવતાના અપમાન દ્વારા તે ક્ષણે ક્ષણે પોતાના પશુત્વની યાદ અપાવે છે. આ સાંભળી મારી પાસે બેઠેલા મિત્ર બૂમો પાડવા લાગ્યો અને ઝગડવા લાગ્યો. મારી સાથે દલીલ કરતાં તેણે કહ્યું તું પશુત્વની વ્યાખ્યા શું કરે છે? તો હવે તમે સાંભળો એક પ્રાણીની વાત રૂંવાડા ઊભા થઈ જાય એવી છે. લેખક જીમ કાર્બેટ લખેલી આ સાચી વાર્તા છે.

શિકાર સમયે જીમ કાર્બેટનું બંદૂકનું નિશાન અચૂક રહેતું. એક શિકાર માટે બંદૂકની એક ગોળી તેના માટે પુરતી રહેતી. જરુરથી વધુ ગોળીઓ, બંદુકમાં કયારેય ભરતા નહીં. તેમને જાણે થાય કે જંગલમાંથી વાઘ શિકાર માટે નીકળી પડતા. તેમને એકવાર જાણ થઈ કે બે વાઘ જંગલના સીમાડે ફરતા દેખાય છે. તેથી તે બે ગોળી ભરી શિકાર માટે નીકળી પડ્યા. ગાઢ જંગલમાં શોધતાં શોધતાં એક વાઘ તેમને દેખાયો. બંદૂકની નળીમાંથી એક ગોળી છૂટી અને ક્ષણભરમાં અચૂક સાબિત થઈ.

જીમની સાવધ આંખો આમતેમ બીજી વાઘને શોધવા લાગી. તેવામાં જંગલની કેડીને વળોટીને જોરથી ભાગવું કોઈ ભયંકર પ્રાણી હોય તેમ લાગ્યું તે બીજો વાઘ હતો. જીમની આંગળીઓમાં જાણે વિદ્યુતપ્રવાહ પસાર થઈ ગયો. ગોળી બરોબર અને અચૂક વાગેલી. પણ ઘાયલ વાઘ જંગલમાં દેખાયો નહીં. જીમને ખુબ આશ્ચર્ય થયું કે આ ત્રીજો વાઘ કયાંથી આવ્યો? હવે તેની પાસે ગોળી પણ ન હતી. કેમ કે ત્રીજો વાઘ છે એની તો તેમને ખબર જ નહોતી. તેણે બુદ્ધિ વાપરી અને ગોળી વગરની બંદૂકની નળી ઊંચી કરી શિકારની પાછળ ભાગવા લાગ્યા. ગાઢ જંગલમાં ગીચ ઝાડી ઝાંખરાઓમાંથી પસાર થઈ. એક નિર્લજ સ્થળે આવી વાઘ અટકી ગયો. ત્યાં તેનાં બે નાનાં નાનાં બચ્ચા રમતાં હતાં. ત્રીજી આ વાઘણે મોઢામાં રહેલ શિકારનું માંસ ભક્ષણ કરતાં દેખાયાં. ત્યારે ધીરે ધીરે સાહસ એકઠું કરી જીમ તેમની તરફ આગળ વધ્યા. અને જોયું તો ઢળી પડેલી વાઘણનો ગર્દન પર ગોળીનું નિશાન હતું. તેમાંથી ખુબ લોહી વહી રહ્યું હતું. તે મરી ગઈ હતી. હવે તેમને સમજાયું કે ત્રીજો કોઈ વાઘ ન હતો. આ બીજો જ હતો જે બચ્ચા માટે ખોરાક લેવા જંગલમાં નીકળેલ. જેને ગોળી લાગ્યા પછી પણ બચ્ચા માટે ખોરાક લી પોતાના અંતિમ શ્વાલ સુધી દોડતાં રહી પોતાની ઈચ્છાશક્તિ ને ટકાવી રાખી પોતે જીવીત ન રહી શકી. પરંતુ પોતાના બચ્ચાં પ્રત્યેનો તેનો પ્રેમ અને મમતાનો આવેગ જેનું મૂલ્યાંકન કરવામાં આવે તે શ્રેષ્ઠ કોણ? તે વાત હવે માણસ પોતે જ કહેશે. તમે આ બાબતે શું માનો છો?

## હેલ્લો જિંદગી...!! મૈં કરતા રહા ઔરોકી કહી, મેરી બાત મેરે મનમેં હી રહી...!!




એમનું માણસો વાંચવાનું કામ ચાલુ જ હતું એટલામાં એમની બાજુમાં એક ભાઈ આવીને બેઠાં, હજી તો માંડ ૩૫ વર્ષનો યુવાન, હાથમાં ગુજરાતી પુસ્તક.

એ જયેશભાઈનું પણ મનગમતું 'ચેતનાની ક્ષણે' પુસ્તક હતું...

'સરસ પુસ્તક છે.' જયેશભાઈએ વાત શરૂ કરી.

યુવાને પ્રશ્ન કર્યો, 'વાંચવું ગમે છે?'

'જબરદસ્ત, રિડીંગ ઈઝ માય ફર્સ્ટ લવ.'

જયેશભાઈએ જવાબ આપ્યો. 'કેટલું વાંચો છો, રોજ?'

'રોજ, એમ કંઈ નહીં... એટલે એમ ખાસ કંઈ નક્કી નહીં. ઈચ્છા થાય ત્યારે વાંચી લેવાનું.' અચાનક ફેંકાયેલા યોર્કર જેવો સવાલને જેમતેમ જવાબ આપી શક્યા.

'ખાવાનો શોખ ખરો?' બીજો યોર્કર આવ્યો.

'પુછશો જ નહીં, શહેરની કોઈ હોટલ બાકી નહીં, ઈટિંગ ઈઝ માય સેકન્ડ લવ.'

'એમ? એટલે રોજ જમો છો કે ઈચ્છા થાય ત્યારે...!'

'ના... ના... રોજ અને એય બે વખત, અને વચ્ચે વચ્ચે બીજું જે કંઈ મળે પધરાવી દઈએ...'

'પણ, હું તો જમણની જેમ જ નિયમિત વાંચુ છું.'

'તમને, કેવી રીતે સમય મળે છે.' દયનીય ચહેરા સાથેનો પ્રશ્ન.

'સમય મળતો નથી, કાઢી લઉં છું.' 'ટાઈમ' એ સે સૌથી વધારે ટેકન ફોર ગ્રાન્ટેડ વાત એવું હું માનું છું.'

ફોર ઘેટ મેટર, આપણી લાઈફ જ લો ને! 'હું રિટાયર થઈશ એટલે ભરપૂર રિડિંગ કરીશ.'

'તમે કયારેય યમ ને જોયો છે?' યુવાન જરા ગંભીર બન્યો. જયેશભાઈ તો એ વાત પણ હસવાં લાગ્યાં...

'આય એમ પ્રિટી સિરિયસ... તમે જોયો છે યમને?' યુવાન બોલી રહ્યો હતો, મેં જોયો છે, બે વર્ષ પહેલાં... રસ્તો કોસ કરતો હતો અને એક ગાંડી થયેલી ગાડી આવી, એની લાઈટમાં મારી આંખો અંજાઈ ગઈ, મને બે સેકન્ડમાં મૃત્યુના દર્શન થઈ ગયાં. પછી જયારે આંખ ખૂલી ત્યારે હોસ્પિટલમાં હતો. ગંભીર ઈજાઓ બાદ પણ હું બચી ગયો હતો, મારા આ શરીરમાં લગભગ બધાં પાર્ટ્સ હવે સાંધાસુંધી વાળાં જ છે.'

> *આશ ના કર કોઈની, બનીજા તુ, ખુદ નાખુદા,*
> *મંઝીલ તારી રાહ તારી, તું છે તારો રાબહર.*
> *ઘડવૈયા એ ઘડ્યો તને જીવનનું ખુદ ઘડ,*
> *સંવાર તું આ જિંદગી, બની ખુદ તારો સીઈઓ!*
> *- તુષાર વૈષ્ણવ (વડોદરા)*

હોસ્પિટલમાંથી ઘરે આવ્યો, નવો જન્મ લઈને... મેં કયારેય ભગવાનને જોયા નહોતા પણ મૃત્યુને જોઈ લીધું, મૃત્યુ તમને ઘણું બધું શીખવી જાય છે.

મારો મૃત્યુ પર વિશ્વાસ બેસી ગયો. આજુબાજુ રોજ આટલાં મૃત્યુ થાય છે, એ આપણે જોઈએ છીએ અને છતાંય અમર રહેવાના હોય એમ જીવીએ છીએ, તે આ માણસ!

'તમને ખબર છે, માણસથી કેમ ડરે છે?'

આપણે મોતથી ડરીએ છીએ કારણ મૃત્યુ તમને આવતીકાલનો ચાન્સ આપતું નથી. મૃત્યુ એટલે જયાં છીએ ત્યાં એ ક્ષણે જ સ્ટૉપ! રમત માંડ જામી હોય, તમારો દાવ આવ્યો હોય અને કોઈ તમને હાથ પકડી રમતમાંથી બહાર ખેંચી જાય, એમ જ મૃત્યુ તમને આ જિંદગીમાંથી ખેંચી જાય છે.'

તમને થયેલો આ અન્યાય માટે અવાજ ઉઠાવવા પણ તમે બાકી બચતાં નથી! ગભરાવ છો...




...અને એટલે મેં હોસ્પિટલમાંથી ઘરે આવ્યાં બાદ નક્કી કર્યું કે હવેની જિંદગી ખુલ્લી આંખે જીવવાની... આટલા દિવસ જમવાનું માત્ર ગળી જતો હતો, હવે એનો સ્વાદ લેવાનો.

'એટલે તમે શું કર્યું?' જયેશભાઈની ઉત્સુકતા વધી.

'હું જ મારી જિંદગીનો સીઈઓ એટલે કે ચીફ એક્ઝુકેટિવ ઑફિસર બની ગયો!'

'કંપનીના સીઈઓ સુધી ઠીક છે, પણ જિંદગીના સાઈઓ? જરા વધારે પડતું નથી લાગતું?' જયેશભાઈ બોલ્યા.

'આ મારા માટે મહત્વનું છે. મેં મારી જાત માટે નિયમ બનાવ્યાં છે.'

'તો પછી... તમારી કંપનીમાં કેટલા માણસો છો?' મશ્કરી ભર્યા સ્વરમાં આ સવાલ આવ્યો.

'આમ જોઈએ તો ઘણાં બધાં, અમે આમ કોઈ નહીં.' એણે ખભા ઉલાળીને જવાબ આપ્યો.

'હું ફક્ત મારા બોર્ડ ઑફ ડિરેકટર સાથે જ ડીલ કરું છું, એ લોકો વર્ચ્યુઅલી મને કંટ્રોલ કરે છે. મારા બોર્ડ પર વિવિધ ડિરેકટર છે. ફરહાન અખ્તર, સચિન તેંડુલકર, અબ્દુલ કલામ, ડૉ. આંબેડકર, ચાર્લી ચેપ્લીન, ગાંધીજી, અમિતાભ, બચ્ચન, હેલન કેલર, જે.આર.ડી.ટાટા... વગેરે વગેરે...'

'આ બધાં વિશે વાંચતો ગયો ત્યારે મને એક વાત જાણવા મળી કે દરેક પાસે કંઈક સ્ટોરી - વિશિષ્ટતા છે. એમની એ ક્વૉલિટીને કારણે તેઓ મને ગ્રેટ લાગે છે... હું શું કરું છું, ચાલો તમને બે-ચાર ઉદાહરણ આપુ.'

ધારો કે મારે ખોટું બોલવું જ પડે એવી પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે હું મારા 'એથિક્સ ડિરેકટર' ગાંધીજીને પુછું છું કે મારે શું કરવું જોઈએ? પછી એ જેમ કહે એમ કરું છું.

કસરત કરવા જતાં સવારે કંટાળો આવે એટલે તરત જ મારા હેલ્થ ડાયરેકટર ફરહાન અખ્તર મને શું કહેશે? એ વિચારથી ઉઠી જાઉં છું અને કસરત કરવાં લાગી પડું છું.

કયારેક હું ખુબ ઉદાસ થઈ જાઉં, નિરાશા ઘેરી વળે ત્યારે મારાં ઈન્સીપીરેશન ડાયરેકટર હેલન કેલરને યાદ કરું છું. એમને મળી લઉં એટલે મને મારી તકલીફો મામુલી લાગે છે.

કયારેક દુ:ખી થઉં તો મારા એન્ટરટેઈમેન્ટ ડિરેકટર ચાર્લી ચેપ્લિન મને મળવા આવે છે...

એ યુવાનની વાતો સાંભળી જયેશભાઈના ચહેરા પર જે ભાવ ઉપસ્યા હતાં એ જોઈ યુવાન બોલ્યો, 'મને ખબર છે તમને આ બધું વિચિત્ર લાગતું હશે. આપણે બીજાની જેમ જિંદગી જીવવાનો પ્રયત્ન કરીએ છીએ અને ત્યાં જ ફસાઈ જઈએ છીએ. જિંદગી કેવી રીતે જીવવી? એ પ્રશ્નનો જવાબ માણસ હજારો વર્ષથી શોધે છે.'

ગૌતમ બુદ્ધે માત્ર ચાર શબ્દોમાં એનો જવાબ આપ્યો છે. તમારા અંદરનું અજવાળું બનો.

ચૂંટલો : અકસ્માત ખાલી વાહનો ટકરાવાથી જ થોડાં થાય છે, કયારેક કોઈકની આકસ્મિક મુલાકાત પણ જિંદગી જીવવા માટેના અભિગમની બત્તી જલાવી જાય છે. એકાદી ઉમદા વાત પછી તો આપણને આપણી જિંદગીના સીઈઓ બનાવી દે છે... હેલ્લો જિંદગી કહી પોતાની મસ્તીથી જીવી લો.